<u>પંચમહાલ જીલ્લાની મજુર અદાલતનં.ર ના પ્રમુખ અધિકારીશ્રી</u>

<u>બી.કે.રાવલ સમક્ષ, મુ.ગોધરા.</u>

રેફરન્સ ટી.નં.પ૭ / ૨૦૧૨

આંક : ૨૪

<u>પ્રથમ પક્ષકાર</u> : ૧. નાયબ વન સંરક્ષકશ્રી,
વિસ્તરણ વિભાગ,દાહોદ.
૨. પરિક્ષેત્ર વન અધિકારીશ્રી,
સંતરામપુર પશ્ચિમ વિસ્તરણ વિભાગ,
દિવડા,તા.સંતરામપુર.

::વિરુઘ્ઘ::

<u>બીજા પક્ષકાર</u>: શ્રી વાઘાભાઈ કાળુભાઈ ડામોર
મુ.પો.ઢીંગલવાડા,તા.સંતરામપુર,જી.પંચમહાલ.
C/O ગુજરાત લેબર ફેડરેશન
સર્વોદય સોસાયટી,કોર્ટ સામે,
કાલોલ,જી.પંચમહાલ.

<u>હાજર રહયા</u> : પ્રથમ પક્ષકાર તરફે વિઘ્વાન વકીલશ્રી એમ.કે.દેશમુખ
: બીજા પક્ષકાર તરફે વિઘ્વાન પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ

:: <u>એવોર્ડ</u> ::

(૧) સદર રેફરન્સ કેસ મદદનીશ શ્રમ આયુકતની કચેરી ગોધરાના હુકમ ક્રમાંક કે.એચ/એસ.એચ.એમ.સી./ગો/૬૩૨૭ તા.૨૮.૦૭.૧૯૯૯ થી અત્રેની કચેરીમાં આ કામના બીજા પક્ષકારને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તે તકરારના ન્યાય નિણય અર્થે મોકલવામાં આવેલા છે.

(૨) આ કામના બીજા પક્ષકારે આંક–૪ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે પ્રથમ પક્ષકારને મજુર કાયદાની તમામ જોગવાઈઓ લાગુ પડે છે અને તેનો અમલ કરવા તેઓ બંધાયેલા છે. તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં તા.૧/૬/૧૯૮૯ થી વન જાળવણી મજુર તરીકેની કાયમી ધોરણની ફરજમાં હાજર થયા હતા અને તેઓ પાસેથી પ્રથમ પક્ષકાર સવારના ૮.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી સતત કામગીરી લેતા હતા. પ્રથમ પક્ષકારે ફરજ પર હાજર થયા ત્યારથી બીજા પક્ષકારને કોઈ નિમણુકપત્ર, પગારચીઠ્ઠી, આઈકાર્ડ કે હાજરીકાર્ડ અનેક માંગણીઓ કરવા છતાં આપેલ ન હતુ. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર પાસેથી પુરા માસની કામગીરી લઈ ૨૦ કે ૨૨ દિવસનો પગાર ચુકવતા હતા અને આ પગાર લઘુતમ વેતન કરતા ઓછો ચુકવવામાં આવતો હતો. જે બાબતે પ્રથમ પક્ષકાર પાસે અનેક વાર માંગણીઓ કરવા છતાં પ્રથમ પક્ષકારે કોઈ જવાબ આપેલ ન હતો. નોકરીના અરસા દરમ્યાન માર્ચ–૧૯૯૮ માં પ્રથમ પક્ષકારે સંસ્થામાંથી કેટલાક રોજમદારોને કોઈ પણ જાતના વ્યાજબી કારણ છટણી કરવાની હીલચાલ શરૂ કરેલી. જે બાબતની જાણ બીજા પક્ષકારને થતા નામદાર અદાલત સમક્ષ તા.૯/૩/૧૯૯૮ ના રોજ અરજી નં.૨/૧૯૯૮ થી ફરીયાદ દાખલ કરેલ. અને આ ફરીયાદમાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરે–કરાવે નહી તેમજ નોકરીની શરતો કોઈ ફેરફાર કરે–કરાવે નહી તેવી દાદ માંગેલ. આ ફરીયાદ અન્વયે પ્રથમ પક્ષકારે તા.૧૩/૮/૧૯૯૮ ના રોજ આંક–૨૯ થી પુરસીસ આપી બીજા પક્ષકારને કામ ઉપર ચાલુ રાખ્યાનું જાહેર કરેલુ અને બીજા પક્ષકારે તા.૩૦/૯/૧૯૯૮ સુધી ફરજ બજાવેલ. પરંતુ ત્યારબાદ પ્રથમ પક્ષકારે છટણી અંગેનું બહાનું કાઢી તા.૧/૧૦/૧૯૯૮ થી બીજા પક્ષકારને ફરજ પર જતા અટકાવી મૌખિક હુકમથી છુટા કર્યાનું જાહેર કરેલ. પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કરતા સમયે ચુકવવા પાત્ર થતા કોઈ પણ પ્રકારના હકકહિસ્સા જેવા કે નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર આપ્યા સિવાય બીજા પક્ષકારને છુટા કરી દીધેલ. બીજા પક્ષકારની સાથેના અને બીજા પક્ષકાર પછીના કેટલાક કામદારોને પરીપત્રનો લાભ પ્રથમ પક્ષકારે આપેલ છે. પ્રથમ પક્ષકારે પરીપત્ર મુજબના લાભો આપવા સરકારશ્રી દ્વારા કામદારોનું સીનીયોરીટી લીસ્ટ રજુ કરવામાં આવેલ છે તે સીનીયોરીટી લીસ્ટમાં બીજા પક્ષકારે નોકરીમાં હાજર થયા ત્યારથી સળંગ, અતુટ અને બ્રેક સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ

કરતા વધુ સમયની નોકરી કરી આ સીનીયોરીટી લીસ્ટમાં બીજા પક્ષકારનો સમાવેશ થતો હતો તેમ છતાં આવા કોઈ લાભ આપવા ન પડે તે માટે પ્રથમ પક્ષકારે સીનીયોરીટી લીસ્ટનું ધ્યાન દોર્યા સિવાય બીજા પક્ષકારને આઈ.ડી.એકટની કલમ–૨૫(એચ) અને ૨૫(એફ) નો ભંગ કરી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલ છે. હાલ પ્રથમ પક્ષકાર સંસ્થામાં નવા કામદારો ધ્વારા તથા કોન્ટ્રાકટરથી કામગીરી કરાવવામાં આવે છે અને પ્રથમ પક્ષકારની સંસ્થા ધમ–ધોકાર કામગીરી બજાવે છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ નોકરી મેળવવા માટે ઘણા પ્રયત્નો કરવા છતાં નોકરી મળેલ નથી અને હાલ બેકાર છે તેવુ જણાવેલ છે. આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૧૭/૧૦/૧૯૮૮ ના પરીપત્રના લાભો આપવા ન પડે તે હેતુથી ગ્રાન્ટ ન હોવાનું બહાનું બતાવી સીનીયોરીટીનું ધ્યાન દોર્યા સિવાય આઈ.ડી. એકટની કલમ–૨૫(એચ) અને ૨૫(એફ) નો ભંગ કરી બીજા પક્ષકારને તા.૧/૧૦/૧૯૯૮ ના રોજ છુટા કરવાનું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી થતુ હોઈ બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા સરકારશ્રીના પરીપત્રના લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા દાદ માંગેલી છે.

(૩) પ્રથમ પક્ષકારે આંક–૧૨ થી બીજા પક્ષકારના માંગણા નિવેદન વિરૂધ્ધ લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે ફોરેસ્ટ ખાતુ એ ઉદ્યોગની વ્યાખ્યામાં આવતુ નથી. આ કામે કોઈ ઔદ્યોગિક ધારાની કલમ અમારા વિવાદને લાગુ પડતી નથી. હાલમાં આવેલા નામદાર સુપ્રિમ કોર્ટના તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટસ મુજબ અમો સામાવાળા ઉદ્યોગની વ્યાખ્યામાં આવતા નથી. અમારે ત્યાં કોઈ મેન્યુફેકચરીંગનું કામ થતુ નથી કે વેપાર ઉદ્યોગનું પણ કામ થતુ નથી. નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં જણાવ્યા મુજબ ૨૪૦ દિવસ પુરવાર કરવાની જવાબદારી અરજદારની છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે તથા નામદાર હાઈકોર્ટના ચુકાદાઓ મુજબ અરજદારની અરજી ટકી શકે તેમ નથી. આ કામે ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ તે ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં આવે છે કે કેમ? આ મુદ્દાને પ્રાથમિક મુદ્દા તરીકે કાઢી તેની પ્રથમ સુનાવણી હાથ ધરવી જરૂરી છે. બીજા પક્ષકાર અમારી કચેરીના કાયમી રોજમદાર મજુર નથી, તેઓને કાયમી રોજમદાર તરીકે નિમણુક આપેલી નથી. બીજા પક્ષકાર જયારે જયારે જરૂર પડે ત્યારે તેઓ છુટક મજુરી ઉપર દૈનિક છુટક મજુર તરીકે આવતા હતા

તેઓને કામની જરૂરીયાત પ્રમાણે અમો કામ આપતા હતા. બીજા પક્ષકારને સને–૧૯૯૦/૯૧ થી વાવેતરની જાળવણી વિગેરે કામ માટે છુટક રોજમદાર તરીકે દૈનિક વેતન દરથી રાખેલ હતા અને કામના દિવસો પ્રમાણે દૈનિક વેતન દર મુજબ ચુકવણુ કરવામાં આવતુ હતુ. બીજા પક્ષકારને કાયદાની જોગવાઈ મુજબની કાર્યવાહી કરી છટણી કરેલ અને બીજા પક્ષકારને મળવાપાત્ર નોટીસ પગાર તેમજ છટણી વળતર ચુકવેલ છે જેની નકલ આ કામે રજુ કરેલ છે. બીજા પક્ષકારને વર્લ્ડ બેન્કની સહાયથી તથા જાપાન સરકારની સહાયથી કરવામાં આવેલ વાવેતરોની જાળવણી અર્થે કામે રાખેલા અને આ કામો મર્યાદીત સમયગાળાના હોય આ નિયત સમયગાળા પુરતુ બજેટ મર્યાદિત રહેતુ હતુ. આમ, વાવેતરોની જાળવણીના કામે બજેટ મર્યાદા મુજબથી વધુ મજુરોને કામે રાખી શકાય નહી તેથી મજુરોને છટણી કરવાની જરૂરીયાત ઉભી થયેલ જેથી કામદારોને સીનીયોરીટી મુજબ તેઓને છટણી વળતર અને નોટીસ પગારના લાભો ચુકવીને તેઓની છટણી કરવામાં આવેલ અને છટણી કર્યા બાદ કોઈ નવા રોજમદારોને રાખવામાં આવેલ નથી. બીજા પક્ષકારે સને–૧૯૮૮ ના અગાઉના સળંગ પાંચ વર્ષ દરેક વર્ષમાં સતત ૨૪૦ દિવસ થતા હોઈ તેવા રોજમદારોને કાયમી કરવા જે અરજદારોને મળી શકે તેમ નથી. અરજદારે કોઈ પણ કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલુ નથી. જેથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) બીજા પક્ષકારે આંક–૧૦ થી સોગંદનામા ઉપર જુબાની આપેલી છે જેની ઉલટતપાસ પ્રથમ પક્ષકારના વિધ્વાન એડવોકેટશ્રી એમ.કે.દેશમુખ ધ્વારા કરવામાં આવેલ છે.

(૫) પ્રથમ પક્ષકારે આંક–૧૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિ.૧૩/૧ થી નિ.૧૩/૩ ના દસ્તાવેજો રજુ કરેલ છે જેને આંક–૨૦ થી આંક–૨૨ આપવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

૧. બીજા પક્ષકારને આપેલી છટણી નોટીસની ઝેરોક્ષ.(આંક–૨૦)

૨. છટણી કરવાના કારણનું નિવેદન.(આંક–૨૧)

૩. બીજા પક્ષકારની કામગીરી બાબતનું હાજરીપત્રક.(આંક–૨૨)

આંક–૧૭ ની પુરસીસથી બીજા પક્ષકારે પોતાના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૬) આંક–૧૯ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સાક્ષીશ્રી જીતેન્દ્રકુમાર જયંતીલાલ કાશીવાળાએ સોગંદનામા ઉપર જુબાની આપેલ છે જેની ઉલટતપાસ બીજા પક્ષકારના વિધ્વાન પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ ધ્વારા કરવામાં આવેલ છે.

આંક–૨૩ ની પુરસીસથી પ્રથમ પક્ષકારે પોતાના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૭) પ્રથમ પક્ષકાર તરફે વિધ્વાન વકીલશ્રી એમ.કે.દેશમુખ તથા બીજા પક્ષકાર તરફે વિધ્વાન પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈની મૌખિક દલીલો કરેલી છે.

(૮) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધું. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુધ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુધ્દાઓ :–

(૧) શું પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔધોગિક વિવાદ ધારા હેઠળ ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

(૨) શું બીજા પક્ષકાર સાબીત કરે છે તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ છે?

(૩) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા કરવામાં આવેલ છટણી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે?

(૪) શું બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનો પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે ?

(૫) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયોના નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) અશંતઃહકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

(૧૦) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) મુદ્દાનં.૧ ની ચર્ચાઃ આ કામના પ્રથમ પક્ષકારના વિધ્વાન વકીલશ્રીએ તેઓની મૌખિક અને લેખિત દલીલમાં જણાવેલ છે કે તેઓનો સમાવેશ ઉદ્યોગમાં થતો નથી. તેઓની સંસ્થા સરકારી સંસ્થા હોઈ જેથી તેઓને આઈ.ડી.એકટ લાગુ પડતો નથી. જેથી ઉદ્યોગની વ્યાખ્યામાં આ સદર સંસ્થાનો સમાવેશ થતો ન હોઈ આઈ.ડી.એકટની કલમ–૨(જે) લાગુ પડતી ન હોવાથી રેફરન્સ રદ કરવા જણાવેલ છે.

જયારે બીજા પક્ષકારના વિધ્વાન પ્રતિનિધિશ્રીએ તેઓની દલીલમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં વન જાળવણી મજુર તરીકે કામ કરતા હતા અને સંસ્થાને આઈ.ડી.એકટની જોગવાઈઓ લાગુ પડે છે અને સંસ્થાનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ રેફરન્સ કાયદેસર રીતે ચાલવા પાત્ર છે.

ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતા તથા આઈ.ડી.એકટની કલમ–૨(જે) જોતા....

''ઉદ્યોગ'' એટલે (ભૌતિક અથવા ધાર્મિક પ્રકારનીજ જરૂરીયાતો અને ઈચ્છાઓ ન હોય તેવી માનવ જરૂરીયાતો અને ઈચ્છાઓ સંતોષવા માટે માલના અથવા સેવાના ઉત્પાદન, પુરવઠો અથવા વિતરણ માટે (માલીકે સીધી રીતે અથવા કોન્ટ્રાકટર સહિતની કોઈપણ એજન્સી ધ્વારા અથવા તેના મારફતે પોતાના કામદારને કામે રાખેલ હોય) તેવા માલીક અને કામદારો વચ્ચેના સહકારથી ચલાવાતી કોઈપણ પ્રધ્ધતિસરની પ્રવૃતિ, પછી તે

૧. આવી પ્રવૃતિ કરવાના હેતુ માટે કોઈ મુડી રોકવામાં આવી હોય કે ન આવી હોય અથવા

૨. કોઈ લાભ અથવા નફો કરવાના ઉદેશથી આવી પ્રવૃતિ કરવામાં આવતી હોય કે ન હોય.

આમ, ઉપરોકત વ્યાખ્યાને ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે સંસ્થામાં પધ્ધતિસરની પ્રવૃતિ ચાલતી હોય અને કામદાર–માલીકના સહયોગથી પ્રવૃતિ ચાલતી હોય માનવીની જરૂરીયાત સંતોષવા માટે સેવા આપતી સંસ્થા હોય ભલે કે પછી તે કોઈ સંસ્થાને આવો કોઈ લાભ કે નફો કરવાના ઉદેશથી પ્રવૃતિ કરવામા આવતી હોય કે ન આવતી હોય તો પણ આવી સંસ્થાનો ઈન્ડસ્ટ્રીઝમાં સમાવેશ થાય છે. પ્રથમ

પક્ષકારે જંગલ ખાતાનો સમાવેશ ઉદ્યોગમાં થતો નથી તે હકીકત પુરવાર કરવા માટે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકાર પાસે કામગીરી કરાવવામાં આવતી હતી તે કામગીરી સીસ્ટેમેટીક સ્વરૂપની હતી અને કામગીરી માનવ જરૂરીયાતો તથા ઈચ્છાઓની પૂર્તતા કરવા માટે થઈ કરવામાં આવતી માલ–સામાનના ઉત્પાદન/વહેંચણી તથા સેવાઓ અંગેની કામગીરી હતી તેવુ સ્પષ્ટ થાય છે. આ અંગે **નામદાર સુપ્રિમ કોર્ટ, સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ એન્ડ એસ) ૧૯૭૮ પાના નં.૨૧૫ પર પ્રસિધ્ધ થયેલ બેંગ્લોર વોટર સપ્લાયર્સ અને સેવલર બોર્ડ વિરૂધ્ધ રાજપ્પાના ચુકાદામાં** ઉદ્યોગની વ્યાખ્યામાં વિસ્તૃત વર્ણન કરેલ છે અને સદર ચુકાદામાં ઠરાવેલ ત્રિપલ ટેસ્ટ મારી રૂબરૂમાં રજુ થયેલ કેસમાં સંતોષાતા હોઈ જેથી આ બીજા પક્ષકાર જે જગ્યાએ કામગીરી કરતા હતા તે તથા પ્રથમ પક્ષકારના યુનિટમા જે કામગીરી થતી હતી તે કામગીરી લક્ષમાં લેતા ત્યાં ઉદ્યોગ ચાલતો હતો તેમ ગણી શકાય તેમ છે. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થાનો સમાવેશ કાયદાની કલમ–૨(જે) મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં થાય છે. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાને આઈ.ડી.એકટની જોગવાઈઓ લાગુ પડતી હોવાનુ અત્રેની અદાલત માને છે.

(બી) મુદ્દાનં.૨ ની ચર્ચા: આ કામના બીજા પક્ષકારે તેઓની દલીલમાં જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં વન જાળવણી મજુર તરીકેની કામગીરી બજાવતા હતા જેથી તેઓનો સમાવેશ ઔદ્યોગિક ધારા હેઠળ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે અને તેઓ તથા પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલિકનો સંબંધ હતો અને તેઓને પ્રથમ પક્ષકારે તા.૦૧/૧૦/૧૯૯૮ થી છુટા કરી દીધેલા.

આ કામે પ્રથમ પક્ષકારનો એવો કેસ નથી કે બીજા પક્ષકાર તેઓના કામદાર ન હતા અને તેઓએ કયારેય પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરેલ નથી. પ્રથમ પક્ષકારે તેઓની દલીલમાં જણાવેલ છે કે, જંગલ ખાતુ એ વન અને પર્યાવરણની જાળવણી માટેની કામગીરી કરે છે. બીજા પક્ષકાર સામાજીક વનિકરણ યોજના હેઠળ વનિકરણ વાવેતરોની જાળવણીની કામગીરી કરતા હતા અને આ પ્રોજેકટ અનુક્રમે વર્લ્ડ બેન્ક તેમજ જાપાન સરકારની લોન સહાયથી ચાલતા હતા. આ કામની બજેટ મર્યાદા પુરી થતા આ બીજા પક્ષકાર મજુરોને કામે રાખી શકાય તેમ ન હોઈ તેઓને છટણી

કરવાની જરૂરીયાત ઉભી થયેલી.બીજા પક્ષકાર કોઈ કાયમી સ્ટેટસ ધરાવતા નથી. આમ, તેઓ કાયમી વન જાળવણી મજુર ન હોઈ પ્રથમ પક્ષકારે કોઈ ગેરવ્યાજબી કૃત્ય કરેલ નથી.

બીજા પક્ષકાર વન જાળવણી મજુર તરીકે ફરજ બજાવતા હતા તે સ્વીકૃત બાબત છે. ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ કામદારની વ્યાખ્યા આપવામાં આવેલ છે તેમા કાયમી કે રોજમદાર, અંશકાલીન કે પ્રસંગોપાત સમયના વગેરે પ્રકારના કોઈ ભેદભાવ રાખવામાં આવેલ નથી. આમ, કોઈ વ્યકિત મજુર તરીકે કાયદામાં જણાવ્યા મુજબની ફરજ બજાવતો હોઈ તો તેનો સમાવેશ આ કાયદાની વ્યાખ્યામાં થાય છે. **નામદાર સુપ્રિમ કોર્ટ, ૨૦૦૯(૧) જી.એલ.એચ. પાના નંબર–૫૦૩, ડીવીઝન મેનેજર ન્યુ ઈન્ડિયા એન્સ્યોરન્સ કંપની વિરૂઘ્ધ એસ. શંકરાલીંગમના** ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે અંશઃકાલીન કર્મચારીનો દરજજો ધરાવતા કામદાર પણ કાયદાની કલમ–૨ (એસ) પ્રમાણે કામદારની વ્યાખ્યામાં આવી જાય છે. આમ આ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં ફરજ બજાવતા હતા તે સ્વીકૃત બાબત છે. તેથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલિકનો સંબંધ હતો તે સ્પષ્ટ થાય છે.

પક્ષકારોની રજુઆતને ઘ્યાને લેતા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને ત્યાં વન જાળવણી મજુર તરીકે કામગીરી કરેલી તેનો પ્રથમ પક્ષકારે ઈન્કાર કરેલ નથી. પ્રથમ પક્ષકારનો બચાવ બીજા પક્ષકારને વન જાળવણી મજુર તરીકે છુટક રોજમદાર તરીકે વેતન દરથી રાખેલ હોવાનું અને વર્લ્ડ બેન્કની સહાયથી તથા જાપાન સરકારની સહાયથી કરવામાં આવેલ વાવેતરોની જાળવણીના કામ માટે બીજા પક્ષકારને રોકવામાં આવેલા. આ કામો મર્યાદીય સમયગાળાના હોઈ જેથી બજેટ પૂર્ણ થતા બીજા પક્ષકારની છટણી કરવામાં આવેલ. આ બીજા પક્ષકાર જાતે કામ ઉપર આવતા બંધ થયેલા તેવી પણ રજુઆત નથી. જેથી બીજા પક્ષકારને કામ ઉપર ન બોલાવવાનું પ્રથમ પક્ષકારનું પગલુ કાયદેસર અને વ્યાજબી છે કે કેમ? તે નકકી કરવાનું રહે છે.

આ કામે પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં બીજા પક્ષકારની કામની જરૂરીયાત મુજબ કામે બોલાવતા હતા તેમ જણાવેલ છે પરંતુ બીજા પક્ષકારે તેઓના

માંગણા નિવેદનમાં તેઓ હાજર થયા ત્યારથી સળંગ, અતુટ અને બ્રેક સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ સમયની નોકરી કરેલી છે તેમ જણાવેલ છે. આ કામે બીજા પક્ષકારે આંક–૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં ઉપરોકત હકીકતોને સમર્થન આપેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલી છે. આ ઉલટતપાસમાં બીજા પક્ષકારે જણાવેલ છે કે તેઓ વર્ષ–૧૯૮૯ માં સંસ્થામાં દાખલ થયેલા અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૩ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં જણાવેલ હાજરી સાચી હોવાનું જણાવેલ છે, તે વાત ખરી નથી કે અમોની છટણી કરવામાં આવેલ, આજદિન સુધી અમોને કોઈ છટણી વળતર ચુકવેલ નથી. આ સિવાય પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારે જણાવેલી હકીકતોથી વિપરીત હકીકત પ્રસ્થાપિત કરી શકેલ નથી.

આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૨૨ થી બીજા પક્ષકારની વર્ષ ૧૯૮૯–૯૦ થી વર્ષ ૧૯૯૭–૯૮ સુધીનું હાજરી દર્શાવતુ પત્રક રજુ કરેલ છે જેમા બીજા પક્ષકારે વર્ષ ૧૯૮૯–૯૦ માં ૦(શુન્ય) દિવસ, વર્ષ ૧૯૯૦–૯૧ માં ૧૮૦ દિવસ, વર્ષ ૧૯૯૧–૯૨ માં ૩૦૮ દિવસ,વર્ષ ૧૯૯૨–૯૩ માં ૨૮૬ દિવસ,વર્ષ ૧૯૯૩–૯૪ માં ૨૬૪ દિવસ, વર્ષ ૧૯૯૪–૯૫ માં ૨૮૨ દિવસ, વર્ષ ૧૯૯૫–૯૬ માં ૨૩૫ દિવસ, વર્ષ ૧૯૯૬–૯૭ માં ૨૪૦ દિવસ તથા વર્ષ ૧૯૯૭–૯૮ માં ૨૨૦ દિવસની કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે.

પ્રથમ પક્ષકારે આંક–૧૯ થી સોગંદનામું રજુ કરેલ છે જેમા તેઓએ વન વિભાગમાં સીઝનેબલ કામગીરી કરાવતા હોવાનું અને સરકારશ્રીમાંથી ગ્રાન્ટ આધારીત કામગીરી થતી હોઈ ગ્રાન્ટ પુરી થતા કામગીરી બંધ કરી દેવામાં આવતી હોઈ બીજા પક્ષકારને પુનઃસ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવુ જણાવેલ છે. આ સાક્ષીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે આ કામે આંક–૨૦ થી આંક–૨૨ સુધીના રજુ થયેલ દસ્તાવેજો પ્રથમ પક્ષકાર સંસ્થાએ રજુ કરેલા છે જેમા બીજા પક્ષકારની હાજરીનો પણ સમાવેશ થાય છે. બીજા પક્ષકારને કયારે અને કયા કારણોસરથી છુટા કરેલા તેની મને ખબર નથી, એ વાત ખરી છે કે આ કામે બીજા પક્ષકારની છટણી કરવામાં આવેલ હોય અને તેઓને કોઈ વળતર ચુકવવામાં આવેલ તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી, હાલ સંસ્થામાં કામગીરી ચાલુ છે,

સરકારની ગ્રાન્ટને આધારીત કામગીરી ચાલે છે, એ વાત ખરી છે કે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો મેં આ કામે રજુ કરેલ નથી, એ વાત ખરી છે કે ગ્રાન્ટ આવે ત્યારે જે–તે કામગીરી અન્વયે કામદારોને કામે લેવા પડે, એ વાત ખરી છે કે આ કામે છુટા કરેલા કામદારોને પત્ર લખીને કયારેય પણ બોલાવવામાં આવેલ નથી, એ વાત ખરી છે કે આ કામે કોઈ સીનીયોરીટી લીસ્ટ રજુ કરવામાં આવેલ નથી, છેલ્લી ગ્રાન્ટ કયારે મળી તેની મને ખબર નથી, પરંતુ લગભગ દર ત્રણ મહીને ગ્રાન્ટ આવતી હોય છે.

કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જો બીજા પક્ષકારનું કથન એવુ હોય કે તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસ સળંગ અને અતુટ નોકરી કરેલ છે તો તે પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. આ કામે બીજા પક્ષકારે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરતા હતા તે બતાવતા કોઈ પુરાવા રજુ કરેલા નથી. પરંતુ બીજા પક્ષકારનું કથન એવુ છે કે પ્રથમ પક્ષકારે તેઓને કયારેય નોકરી બાબતના પુરાવા જેવા કે નિમણુકપત્ર, પગારચીઠ્ઠી, ઓળખકાર્ડ વગેરે આપેલા નથી. તેથી નોકરી બાબતના કોઈ પુરાવા રજુ કરી શકે તેમ નથી તેવુ કથન છે. આ કામે બીજા પક્ષકારે તેમના માંગણા નિવેદનમાં તથા પુરાવા સોગંદનામામાં આ હકીકતને સમર્થન આપેલ છે. આ કામે પ્રથમ પક્ષકારના સાક્ષીની ઉલટતપાસમાં આ સાક્ષીએ એ બાબતનો સ્વીકાર કરેલ છે કે બીજા પક્ષકારને નિમણુકપત્ર, ઓળખકાર્ડ કે રજા અંગેનું કાર્ડ આપવામાં આવેલ નથી. આમ, પ્રથમ પક્ષકારના સાક્ષીએ ઉલટતપાસમાં કબુલ રાખેલ હોય કે નિમણુકપત્ર કે પગારચીઠ્ઠી આપવામાં આવેલ નથી તેવા સંજોગોમાં દરેક વર્ષમાં સળંગ ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવાનો બીજા પક્ષકારનો સાબીત કરવાનો પુરાવાનો ભાર પ્રથમ પક્ષકારના શીરે શીફ્ટ થયેલ છે.

આ કામે પ્રથમ પક્ષકારે આંક–૨૨ થી બીજા પક્ષકારની હાજરી દર્શાવતુ પત્રક રજુ કરેલ છે જેમા બીજા પક્ષકારે વર્ષ ૧૯૮૯–૯૦ માં ૦(શુન્ય) દિવસ, વર્ષ ૧૯૯૦–૯૧ માં ૧૮૦ દિવસ, વર્ષ ૧૯૯૧–૯૨ માં ૩૦૮ દિવસ, વર્ષ ૧૯૯૨–૯૩ માં ૨૮૬ દિવસ, વર્ષ ૧૯૯૩–૯૪ માં ૨૬૪ દિવસ, વર્ષ ૧૯૯૪–૯૫ માં ૨૮૨ દિવસ, વર્ષ ૧૯૯૫–૯૬ માં ૨૩૫ દિવસ,

વર્ષ ૧૯૯૬–૯૭ માં ૨૪૦ દિવસ તથા વર્ષ ૧૯૯૭–૯૮ માં ૨૨૦ દિવસની કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે.

આમ, આંક–૨૨ થી રજુ થયેલ હાજરી દર્શાવતુ પત્રક જોતા બીજા પક્ષકારે વર્ષ ૧૯૯૧–૯૨ માં ૩૦૮ દિવસ, વર્ષ ૧૯૯૨–૯૩ માં ૨૮૬ દિવસ, વર્ષ ૧૯૯૩–૯૪ માં ૨૬૪ દિવસ, વર્ષ ૧૯૯૪–૯૫ માં ૨૮૨ દિવસ તેમજ વર્ષ ૧૯૯૬–૯૭ માં ૨૪૦ દિવસ કામગીરી કરેલી છે. આમ બીજા પક્ષકારે તમામ વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે તે રીલાયન્ટ નથી. તે સંજોગોમાં હાલના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ છે તેમ ઠરાવવામાં આવે છે.

(સી) મુદ્દાનં.૩ ની ચર્ચાઃ આ કામે બંને પક્ષકારોની જુબાની તથા રજુ થયેલ દસ્તાવેજો તથા પક્ષકારોની દલીલો જોતા આ કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં વન જાળવણી મજુર તરીકે ફરજ બજાવતા હોવાનુ તથા તેઓને ગ્રાન્ટ ન હોવાના બહાના હેઠળ છટણી વળતર ચુકવ્યા સિવાય તા.૦૧/૧૦/૧૯૯૮ ના રોજથી ગેરકાયદેસર છટણી કરેલ હોવાનું જણાવેલ છે જયારે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર સીઝન પુરતા કામે રાખેલ હોવાનું અને ગ્રાન્ટ પુરી થતા તેઓની કાયદેસરની પ્રકિયા કરી છટણી વળતર ચુકવીને છુટા કરેલ હોય જેથી આઈ.ડી.એકટની કલમ–૨૫(એચ) નો ભંગ કરેલ નથી તેથી અરજી રદ કરવા જણાવેલ છે.

આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છટણી વળતર આપીને છુટા કર્યાનું જણાવેલ છે જયારે બીજા પક્ષકારે તેઓને છટણી વળતર ચુકવ્યા વગર છુટા કરેલ હોવાનું જણાવેલ છે. જેથી બીજા પક્ષકારની કરવામાં આવેલ છટણી કાયદેસરની છે કે નહી તે નકકી કરવાનું રહે છે. છટણી કાયદેસર છે કે કેમ તે નકકી કરતા અગાઉ છટણીને લગતા કાયદા અંગેના પ્રબંધો ધ્યાને લેવા જરૂરી બને છે અને આ સંજોગોમાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ–૨(ઓઓ) માં છટણીની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે જે જાણવી જરૂરી બને છે. કાયદાની કલમ–૨(ઓઓ) થી આપેલ છટણીની વ્યાખ્યા નીચે મુજબ છે.

Sec-2 (oo):- ‘retrenchment’ means the termination by the employer of the service of a workman for any reason whatsoever,

otherwise than as a punishment inflicted by way of disciplinary action, but does not include-

(a) voluntary retirement of the workman; or

(b) retirement of the workman on reaching the age of superannuation if the contract of employment between the employer and the workman concerned contains a stipulation in that behalf; or

(bb) “termination of the service of a workman as a result of the non-renewal of the contract of employment between the employer and the workman concerned on its expiry or of such contract being terminated under a stipulation in that behalf contained therein; or”

(c) termination of the service of a workman on the ground of continued ill-health;

તદ ઉપરાંત છટણી સમયે ઔદ્યોગિક તકરાર(ગુજરાત) નિયમો–૧૯૬૬ ની જોગવાઈઓમાં ૮૦–એ માં છટણી કરવાની પરવાનગી માટેની અરજી ૮૦–બી માં છટણીની નોટીસ તથા ૮૦–સી માં નોકરીની સમાપ્તીની નોટીસ તથા ૮૧ માં કામદારોની સીનીયોરીટી યાદી રાખવા બાબતની જોગવાઈઓ કરવામાં આવેલી છે.

આ કામના બીજા પક્ષકારનું કથન એવુ છે કે તેઓને પ્રથમ પક્ષકારે તા.૦૧/૧૦/૧૯૯૮ ના રોજ છુટા કરેલ છે તે કોઈ પણ જાતના વ્યાજબી કારણ સિવાય તથા કાયદાની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કર્યા સિવાય ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરતી વખતે કોઈ સીનીયોરીટી લીસ્ટ બહાર પાડેલ નથી. બીજા પક્ષકારને છુટા કરતી વખતે તેમનાથી જુનીયરને કામે ચાલુ રાખેલા છે તથા બીજા પક્ષકારને છુટા કરી નવા માણસોની ભરતી કરેલ છે. નવા માણસોની ભરતી કરતી વખતે હાલના બીજા પક્ષકારને કામે બોલાવેલા નથી. તેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને તા.૦૧/૧૦/૧૯૯૮ ના રોજથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર છે તેવી દલીલ છે.

જયારે પ્રથમ પક્ષકારનો કેસ એવો છે કે બીજા પક્ષકારને તા.૦૧/૧૦/૧૯૯૮ ના રોજ કાયદેસરના હકકહિસ્સાઓ ચુકવીને છુટા કરેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ કોઈ નવા માણસોની ભરતી કરેલી નથી. વન જાળવણી અંગે વર્લ્ડ બેન્ક તથા જાપાન સરકારની બજેટ અને સમયમર્યાદા પૂર્ણ થતા આ બીજા પક્ષકાર મજુરોની છટણી કરવાની જરૂરીયાત ઉભી થયેલી જેથી વ્યાજબી કારણસર બીજા પક્ષકારને કાયદેસરના હકકહિસ્સા ચુકવી છુટા કરેલ હોવાથી બીજા પક્ષકારને કાયદેસર રીતે છુટા કરેલ છે તેવી દલીલ છે.

આ કામે બીજા પક્ષકારને તા.૨૭/૦૩/૧૯૯૮ ના રોજ છટણી અંગેની યાદી કરી તેઓને છુટા કરેલ હોવાનું અને છટણીના હુકમમાં જણાવ્યા મુજબની રકમ બીજા પક્ષકારને ચુકવેલ હોવાનું પ્રથમ પક્ષકારે જણાવેલ છે. આ કામે આંક–૨૦ થી છટણી અંગેની યાદી રજુ કરેલ છે. જે છટણી અંગેની યાદી જોતા સંકલીત વન વિકાસ યોજના બજેટ/ગ્રાન્ટની ફાળવણી કરેલ છે જેના ગ્રાન્ટની મર્યાદામાં રહી કામદારો રાખવાના હોવાથી તા.૨૨/૦૨/૧૯૯૮ થી આ બીજા પક્ષકારને છુટા કરેલ હોવાનું અને બીજા પક્ષકારની નોકરી સળંગ સાત વર્ષની થતી હોઈ જેથી તેઓને રૂા.૧૫૧૧/– નોટીસ પગાર તરીકે તથા રૂા.૬૧૦૧/– છટણી વળતર તરીકે મેળવી લેવા જણાવેલ છે. આ કામે બીજા પક્ષકારે તેઓની ઉલટતપાસમાં તેઓને છટણી વળતર આજદિન સુધી ચુકવેલ નથી તેવુ જણાવેલ છે. આ કામે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છટણી વળતર ચુકવેલ હોય તે અંગેના કોઈ પણ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકારે તેઓની ઉલટતપાસમાં એ બાબતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ બીજા પક્ષકારને છટણી વળતર ચુકવેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. આમ, બીજા પક્ષકારને છુટા કર્યાના દિવસે જ છટણી વળતરની રકમ ચુકવી આપેલ છે તે બાબત પુરવાર થતી નથી જે બાબત પુરવાર કરવાની જવાબદારી સંસ્થાની છે.

હવે બીજા પક્ષકારને છુટા કરવાનો જોઈએ તો તેવો હુકમ પ્રથમ પક્ષકારે આંક–૨૦ થી તથા આંક–૨૧ થી બીજા પક્ષકારને છટણી કરવાના કારણોનું નિવેદન રજુ કરેલ છે. આ હુકમ જોતા તેમા બીજા પક્ષકારને કોઈ નિવૃતી વયમર્યાદા પુરી થવાને કારણે છુટા કરેલ હોય તેમ બનેલ નથી. પરંતુ તેમની વયમર્યાદા બાકી હતી

તે દરમ્યાન છુટા કરવામાં આવેલા છે. એટલે કે બીજા પક્ષકારની છટણી કરવામાં આવેલ છે. બીજા પક્ષકારની છટણી કરવાનું કારણ જોઈએ તો પ્રથમ પક્ષકારે વની કરણ વાવેતરોની જાળવણીની કામગીરી વર્લ્ડ બેન્ક તથા જાપાન સરકારની લોન સહાયથી ચલાવતા હોવાનું અને આ બજેટ તથા સમયમર્યાદા પૂર્ણ થતા આ બીજા પક્ષકારની છટણી કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામના પ્રથમ પક્ષકારના સાક્ષીએ તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે હાલ ગ્રાન્ટ મળેલ છે અને ગ્રાન્ટને આધારે જરૂરીયાત મુજબની કામગીરી માટે કામદારોને બોલાવવામાં આવે છે. તેમજ સરકાર તરફથી લગભગ દર ત્રણ માસે ગ્રાન્ટ મળતી હોવાની બાબત પણ સ્વીકારેલ છે.

આ કામે પ્રથમ પક્ષકારે કામદારની છટણી સરકારી ગ્રાન્ટના આધારે કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ આ ગ્રાન્ટ અંગેના કોઈ કાગળો રજુ કરેલ નથી. આમ, સંસ્થા ધ્વારા જે કારણોસર કામદારની છટણી કરવામાં આવેલ છે તે સંસ્થા ધ્વારા પુરવાર કરવી જોઈએ. પરંતુ આ કામે ગ્રાન્ટના અભાવના લીધે આ છટણી કરેલ છે તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી માત્ર ગ્રાન્ટના અભાવનું કારણ જણાવેલ છે જે કારણ આ કામના પ્રથમ પક્ષકારે પુરવાર કરેલ ન હોઈ તે વ્યાજબી જણાતુ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૩(૨) જી.એલ.આર. પાનાનં.૭૫૫ માં ચીફ ઓફીસર કેસોદ મ્યુનીસીપાલીટી વિરૂઘ્ધ ચંદ્રકાંત હરીલાલના કેસમાં નામદાર કોર્ટે પ્રસ્થાપિત** કરેલ છે કે છટણીના હુકમ માટે માત્ર ઔદ્યોગિક તકરાર ધારાની કલમ–૨૫(એફ) ની જરૂરીયાતોનુ પાલન થવુ જરૂરી નથી પરંતુ કામદારની છટણી કરવા અંગે અને તેનો નોકરીનો અંત લાવવા માટે વ્યાજબી કારણ પણ હોવુ જોઈએ. આ સદર કેસમાં પણ સંસ્થાએ ગ્રાન્ટના અભાવનું કારણ જણાવેલ છે પરંતુ તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તેમજ છટણી અંગેની પરવાનગી પણ મેળવેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા જયારે છટણી કરવામાં આવતી હોય ત્યારે કાયદાની જોગવાઈ ૨૫(એફ) તથા ૨૫(જી) ની કલમ મુજબ કાર્યવાહી કરીને છટણી કરવી જોઈએ.

વધુમાં કોઈ પણ વ્યકિતની કોઈ વ્યાજબી કારણસર છટણી કરવી હોય તો તેમા "Last cum First Go" ના સિઘ્ધાંતનું પાલન કરવુ જોઈએ. તદ ઉપરાંત

ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળના રૂલ–૮૦–એ તથા ૮૧ મુજબની કાર્યવાહી કરવી જોઈએ. આ કામે પ્રથમ પક્ષકારે કામદારોની છટણી કરતા પહેલા સાત દિવસ અગાઉ સીનીયોરીટી લીસ્ટ તમામ વ્યકિતને સરળતાથી જોઈ શકાય તે રીતે પ્રદર્શીત કરવુ જોઈએ. આ કામે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરતા અગાઉ કોઈ સીનીયોરીટી લીસ્ટ પ્રદર્શીત કરેલ હતુ તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી કે તેવા કોઈ પુરાવા નથી. તેથી પ્રથમ પક્ષકારે રૂલ–૮૦–એ તથા ૮૧ નો પણ ભંગ કરેલ છે તેવુ સ્પષ્ટપણે સાબીત થાય છે. એટલુ જ નહી આ કામે બીજા પક્ષકારનો શરૂઆતથી જ કેસ એવો છે કે પ્રથમ પક્ષકારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(જી) નો ભંગ કરેલો છે. એટલે કે પ્રથમ પક્ષકારે Last cum First Go ના સિધ્ધાંતનો ભંગ કરેલ છે તેમ છતાં પ્રથમ પક્ષકારે હાલના કેસમાં પણ કોઈ સીનીયોરીટી લીસ્ટ રજુ કરેલ હોય તેમ બનેલ નથી. સીનીયોરીટી લીસ્ટ સ્વભાવિક રીતે જ માલીકના કબજામાં હોય. જો સંસ્થાએ Last cum First Go ના સિધ્ધાંતનું પાલન કરી છટણી કરેલ હોય તો તેવુ પુરવાર કરવાની જવાબદારી સંસ્થાની છે. સીનીયોરીટી લીસ્ટ રજુ કરવામાં આવેલ નથી. તેથી પ્રથમ પક્ષકાર સામે વિરૂધ્ધનું અનુમાન દોરી શકાય તેમ છે અને સંસ્થાએ સીનીયોરીટી લીસ્ટ મુજબ છુટા કરેલ નથી અને Last cum First Go ના સિધ્ધાંતનો ભંગ કરી છુટા કરેલા છે માટે જાણી જોઈને બદઈરાદાથી રજુ કરેલ નથી તેવુ સંસ્થા વિરૂધ્ધ અનુમાન દોરી શકાય છે. આ કામે બીજા પક્ષકારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને છુટા કર્યા બાદ તેમના ખાતાને લગત મુળ વિભાગમાં તેમજ સંલગ્ન વિભાગોમાં નવા કામદારો ધ્વારા તથા કોન્ટ્રાકટથી કામગીરી કરાવતા હોવાનું અને હાલમાં પણ પ્રથમ પક્ષકારની સંસ્થા ચાલુ હોવાનું જણાવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર પાસેથી તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોથી વિપરીત હકીકતો પ્રસ્થાપિત કરી શકેલા નથી. તેથી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરતી વખતે બીજા પક્ષકારની જુનીયર કામદારોને કામે ચાલુ રાખેલ હોવાનું સ્પષ્ટપણે સાબીત થાય છે. એટલે કે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(જી) નો ભંગ કરેલ છે તેમ પુરવાર થાય છે અને આ કારણસર પ્રથમ

પક્ષકારનું બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરવાને પાત્ર છે તેવુ અત્રેની અદાલત માને છે.

વધુમાં બીજા પક્ષકારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકારે નવા માણસોને કામે રાખેલ હોવાનું અને હાલ સંસ્થા ચાલુ હોવાનું જણાવેલ છે. પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રી ધ્વારા બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ પ્રથમ પક્ષકાર તરફે આવી કોઈ હકીકત પડકારવામાં આવેલ નથી એટલે કે અનચેલેન્જડ રહેલ છે. આ કામના પ્રથમ પક્ષકારના સાક્ષી તેઓની ઉલટતપાસમાં એ બાબતનો સ્વીકાર કરેલ છે કે સંસ્થામાં લગભગ દર ત્રણ મહીને ગ્રાન્ટ આવતી હોય છે અને ગ્રાન્ટને આધારે કામગીરી અન્વયે કામદારોને કામે લેવામાં આવે છે અને હાલ ટેન્ડર આધારીત પધ્ધતિથી કામગીરી ચાલુ છે. તેમજ આ ટેન્ડર આધારીત કામગીરી માટે કે અન્ય કામગીરી માટે આ છુટા કરેલા કામદારોને પત્ર લખીને કયારેય પણ બોલાવામાં આવેલા નથી. આમ, બીજા પક્ષકારને છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ગ્રાન્ટને આધારીત કામગીરીની જરૂરીયાત મુજબ કામદારોને લેતા હોવાનું પ્રથમ પક્ષકારના સાક્ષીએ સ્વીકારેલ છે. જેથી એ બાબત સાબીત થાય છે કે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ અન્ય વ્યકિતઓ પાસેથી કામગીરી લઈ સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(જી) નો ભંગ કરેલ છે. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એચ) મુજબ જો સંસ્થા ધ્વારા કામદારોની છટણી કરવામાં આવેલ હોય ત્યારે સંસ્થામાં કોઈ પણ કામદારની જરૂર પડે તો પ્રથમ પક્ષકાર છટણી કરેલ કામદારોને તક આપવી જોઈએ અને આર.પી.એ.ડી.થી પત્ર લખી કામે બોલાવવા જોઈએ તેવી જોગવાઈ છે. પ્રથમ પક્ષકારે નવા માણસને કામે રાખતી વખતે હાલના બીજા પક્ષકારને કામે બોલાવેલ હોય અને બીજા પક્ષકાર કામ પર હાજર થયેલ ન હોય તેવો પ્રથમ પક્ષકારનો કેઈસ નથી કે તેવા કોઈ પુરાવા નથી. તે સંજોગોમાં પણ બીજા પક્ષકાર તેમની નિવૃતી વયમર્યાદા સુધી નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર હતા તેવુ અત્રેની અદાલત માને છે.

જો પ્રથમ પક્ષકારનું કથન એવુ હોય કે તેમને બીજા પક્ષકારની કાયદેસરની છટણી કરેલ છે તો તેવી છટણી વખતે માત્ર હકકહિસ્સા ચુકવી દેવા પુરતુ નથી પરંતુ તે રીતે છટણી કરવા માટેનું વ્યાજબી કારણ હોવુ જોઈએ તથા કાયદાની તમામ

જોગવાઈઓનું પાલન કરવુ જરૂરી છે. આ કામે પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારની છટણી વ્યાજબી કારણસર કરેલ હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તદ ઉપરાંત પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને છુટા કરતા પહેલા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એચ), ૨૫(જી) તથા રૂલ–૮૦–એ, ૮૧–જી નું પાલન કરેલ હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી પ્રથમ પક્ષકારનું છટણી કરવાનું લીધેલ પગલુ કાયદેસર બનતુ ન હોઈ સામાન્ય સંજોગોમાં કામદાર પુનઃસ્થાપિત થવા માટે હકકદાર થાય છે.

(ડી) મુદ્દાનં.૪ ની ચર્ચા: ઉપર જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરવાનું કરેલ કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી તથા ઔદ્યોગિક ધારાની કલમ–૨૫(એફ)નો ભંગ કરેલ હોવાનું તેમજ બીજા પક્ષકારની છટણી ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ હોવાનું ઠરતું હોઈ તેવા સંજોગોમાં બીજા પક્ષકારનું નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ? તેમજ બીજા પક્ષકાર પડેલ દિવસોના કોઈ પગાર મેળવવા હકકદાર થાય છે કે કેમ? તેનો નિર્ણય કરવાનો રહે છે. જે અંગે **નામદાર સુપ્રિમ કોર્ટ હરીયાણા, રોડવેઝ વિરૂધ્ધ રઘુનાથસિંહ ૨૦૦૫(૫) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નંબર–૫૯૬ ના કેસ તથા નામદાર સુપ્રિમ કોર્ટ યુ.પી.સ્ટેટ, બ્રાસવેર કોર્પોરેશન વિરૂધ્ધ ઉદયનારાયણ પાન્ડે ૨૦૦૬(૧) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નંબર–૪૭૨ ના ચુકાદાઓમાં** પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને ધ્યાને લેતા પડેલ દિવસોના પગાર એ કોઈ નેચરલ કોન્સીકવન્સીસ નથી. કોઈપણ શ્રમયોગી છુટા થયા બાદ બેકાર રહેલ છે તે સાબિત કરવાની જવાબદારી જે તે શ્રમયોગીની છે. વધુમાં પડેલ દિવસોના પગાર અંગે નિર્ણય કરતી વખતે અદાલતે શ્રમયોગીએ કામ શોધવા માટે કરેલ પ્રયત્નો, શ્રમયોગીનું કવોલીફીકેશન, કામ મળવાની શકયતાઓ, લેન્થ ઓફ સર્વિસ તેમજ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ વિવેકબુધ્ધિપુર્વક નિર્ણય કરવાનો રહે છે તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત થયેલ છે. આ સિધ્ધાંતોના આધારે હાલના કેસમાં જોઈએ તો આ કામે બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં તેઓને છુટા કર્યાબાદ અન્ય જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળી શકેલ નથી અને તેઓ બેકાર છે તેવું જણાવેલ છે પરંતુ બીજા પક્ષકારે નોકરી શોધવા માટેના પ્રયત્ન કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. આ કામે પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રી

ધ્વારા બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તેમા બીજા પક્ષકારે મજુરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતા હોવાનુ કબુલ રાખેલ છે તેવા સંજોગોમાં હાલના બીજા પક્ષકાર છુટા થયા બાદ આવક મેળવતા હતા તેમ સ્પષ્ટપણે સાબીત થાય છે. તેથી હાલના બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થતા નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સરકારી સાહસ છે અને તેમા જાહેર જનતાના નાણા સંકળાયેલા હોય છે તેથી પ્રથમ પક્ષકાર સંસ્થા ઉપર પડેલા દિવસોના કોઈ પગારનો બોજો નાખવો ઉચિત જણાતો નથી. આમ, હાલના બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થતા નથી તેમ ઠરાવવામાં આવે છે.

ઉપરોકત ચર્ચાને આધારે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

(૧) આથી બીજા પક્ષકારને છુટા કરવાનુ પ્રથમ પક્ષકારનુ પગલુ ગેરકાયદેસર છટણી હોઈ રદ કરવામાં આવે છે.

(૨) આથી પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિધ્ધ થયાના દિન–૩૦ માં તેઓએ આ કામના બીજા પક્ષકાર શ્રી વાઘાભાઈ કાળુભાઈ ડામોરને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સિવાય નોકરીમાં પુનઃસ્થાપિત કરવા.

(૩) આ રેફરન્સના ખર્ચ પેટે રૂા.૪૦૦૦/– અલગથી બીજા પક્ષકારને ચુકવી આપવાનો પણ આથી પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે.

તા.૧૦.૦૪.૨૦૧૮
ગોધરા.

(ભાવેશ કિશોરકુમાર રાવલ)
કોડ નં.GJ01255
પ્રમુખ અધિકારી
મજુર અદાલતનં.૨,ગોધરા.